* N B I - 1 6 0 1 0 1 0 1 0 1 0 2 0 4 0 2 *

# NBI-16010101010204O2 Seat No. ______

## B. A. (Sem. II) (CBCS) Examination

**April/May – 2017**

## Gujarati : Paper - IV

**(ગુજરાતી વ્યાકરણ, સર્જન, લેખન, કૌશલ-૨)**

*(Core) (Optional) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.
(૨) બધા પ્રશ્નો ૧૪ ગુણના છે.

૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

''પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદઅંશે તેની જીવનરીતિમાં પડે છે. પણ તેથીયે મહત્તર અંશે તે પ્રજાની વિચાર પ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું જીવનરીતિ, વિચારપ્રક્રિયાઓ, જીવનદંભ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે અને એટલે કોઈ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો બહુ સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનના દર્શન અને તેના પ્રત્યેના ભાવ અને અભિગમના દૃષ્ટિબિંદુથી જોઈએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર ઉપર પ્રસ્થાપિત થયેલા દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બંનેએ તેમના ગૌરવાન્વિત યુગો દરમિયાન અમાર કલાકૃતિઓ સર્જી છે. પણ તે કૃતિઓની ભાત અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન-ભિન્ન સ્તરની છે.''

**- ગુલાબદાસ બ્રોકર**

**અથવા**

''ઈશ્વર, સત્ય અને નીતિ ઘણી ઉપયોગી, જરૂરી અને ઘણી પૂજ્ય વસ્તુઓ છે, પણ જ્યાં સરસતા જ પરબ્રહ્મ છે. રસિકતા જ ગુરુ છે. જ્યાં રસાસ્વાદ પૂજ્યને અધિકાર અર્પે છે. તે કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદ પ્રાપ્તિના નિર્માણમાં અંતરાયરૂપ થઈ પડે છે અને આ વિષકન્યાની વાત ગમે તેવી મીઠી અને આકર્ષક લાગે પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે અને વિષ આસ્વાદ અને રસદૃષ્ટિએ બંને નિશ્ચેતન કરે છે.''

**- ક. મા. મુનશી**

૨ નીચેનામાંથી કોઈપણ એક પરિચ્છેદનો સંક્ષેપ કરો : ૧૪

''ખોટા અભિમાન રાખવાથી દેશને કંઈપણ ફાયદો નથી. જે વાત આપણામાં નઠારી હોય તેને જાણીને કે અજાણમાં આપણે સારી કહીશું. તેથી કદી પણ તે સારી થવાની નથી. આપણે સારી સારી કહીશું તેથી બીજા લોકો સારી કહેવાના નથી. જાણી જોઈને નઠારી વાતને સારી માનવાથી મોટામાં મોટું નુકસાન એ છે કે તેને કોઈ વખત સારી થવાનો સંભવ રહેતો નથી. આપણા શરીરમાં રોગ થયો હોય અને આપણે અભિમાનથી એમ જ માનીએ કે આપણે નિરોગી છીએ તો નિશ્ચય એ અભિમાનનું પરિણામ મરણ સિવાય બીજું કદી થવાનું નથી. આપણે નિર્ધન હોવા છતાં ધનવાન છીએ એમ માની મદમાં ફર્યા કરીએ તો આપણે દરિદ્રતામાં જ સડ્યા કરીએ એમાં શું આશ્ચર્ય ? આપણને એક પણ અક્ષર ન આવડતો હોય છતાં મહાપંડિતનો ગર્વ રાખીએ તો તેથી શું કદી પણ વિદ્યાના જે લાભ છે તે મેળવવાને શક્તિમાન થઈશું ? જેવું એક માણસનું તેવું દેશનું સમજવું. દેશનો ખોટો અભિમાન દેશીઓ રાખે, તેના દૂષણો તરફ નજર ન કરે, દૂષણો દેખે તો પણ તેને ભૂષણરૂપ માનીને, દેશની ખરાબી થતી હોય તો પણ બડાઈને સારુ બહુ આબાદ છે એવા તડાકા મારે તો બેશક તે દેશ પાયમાલ થયા વિના રહે નહીં. એવા મિથ્યાભિમાનીઓને દેશાભિમાની કહેવાને બદલે દેશના ખરેખરા દ્રોહી કહેવા જોઈએ. તેઓમાં દેશપ્રીતિ નથી પણ મૂર્ખાઈના થરનો બહુ નાશકારણ ગર્વ છે.''

- **નર્મદ**

**અથવા**

''નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે, નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા, નદી કાંઠે-કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.''

- **કાકાસાહેબ કાલેલકર**

૩ નીચેનામાંથી કોઈ પણ સાત રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : ૧૪

(૧) ધોંસરી ઉપાડવી
(૨) વચનમાં શૂરા હોવું.
(૩) માનતા ફળવી.
(૪) જીવ હેઠો બેસવો.
(૫) લાજ કાઢવી.
(૬) બે વેણ કહેવા.
(૭) જીવ મોટો હોવો.
(૮) આંખો પહોળી થવી.
(૯) જિંદગી મોળી થઈ જવી.
(૧૦) શીશ કુરબાન કરવું.

૪ નીચેનામાંથી કોઈ પણ સાત કહેવતનો અર્થ આપો : ૧૪

(૧) અધૂરો ઘડો છલકાય.

(૨) અતિલોભ તે પાપનું મૂળ

(૩) આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દેવું ?

(૪) ઉતાવળે આંબા ન પાકે.

(૫) એક હાથે તાળી ન પડે.

(૬) કજિયાનું મોં કાળું

(૭) કાગનું બેસવું ને ડાળનું પડવું

(૮) ખાડો ખોદે તે પડે.

(૯) ગાજ્યા મેઘ વરસે નહીં.

(૧૦) ઘરડા ગાડા વાળે.

૫ નીચેનામાંથી કોઈ પણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો : ૧૪

(૧) ભાઈબહેન

(૨) ગોળધાણા

(૩) પ્રભુદીધું

(૪) તર્કબદ્ધ

(૫) લગ્નગાળો

(૬) મહાત્મા

(૭) મધમીઠું

(૮) ત્ર્યંબક

(૯) ચંદ્રમુખી

(૧૦) કુંભકાર.